ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26 300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**પરીક્ષા નં./૪-અ/ ૨૮૬૭૧ /૨૦૧૪** **તા. ૧-૧૧-૨૦૧૪**

**પરિપત્ર નં. : ૩૩૩**

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવનોના અધ્યાક્ષશ્રીઓ તથા
તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાની ઉત્તરવહીઓની નકલ **RTI ACT-૨૦૦૫** અન્વયે આપવામાં આવતી હોય, આપના ભવન/કોલેજ/ સંસ્થામાં ફરજ બજાવતા તમામ અધ્યાપકશ્રીઓને પરીક્ષાની કામગીરીમાં મૂલ્યાંકન કરતી વખતે નીચેની બાબતો ધ્યાને રાખી મુલ્યાંકન કરે તે માટે આપના સ્તરેથી સર્વેને ધ્યાન દોરવા વિનંતી.

- ઉત્તરવહીનું મૂલ્યાંકન કરતી વખતે કોઈપણ પ્રશ્ન તપાસવાનો રહી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું.
- ઉત્તરવહીના મુખપૃષ્ઠમાં દર્શાવેલ કોલમમાં પ્રશ્ન વાઈઝ ચોકસાઈ પૂર્વક ગુણ મુકવા, એટલે કે જે તે પ્રશ્ન ના ગુણ અન્ય પ્રશ્ન ક્રમાંકની લાઈનમાં લખવા નહિ. તેની ખાસ કાળજી રાખવી.
- ઉત્તરવહીના મુખપૃષ્ઠનો સરવાળો બરાબર ચેક કરવો, સરવાળામાં ભૂલ થાય નહીં તેનું ખાસ ધ્યાન રાખવું.
- ઉત્તરવહીના લખેલ પેટા પ્રશ્ન (અ), (બ)... ના ગુણ અલગ આપવા અને આના પેટા પ્રશ્નના ગુણ (અ) અને (બ)નો સરવાળો (દાત : પ્રશ્ન ૧ના પેટા પ્રશ્નો અ, બ, ક.... હોય તો તેના ગુણ જે તે પ્રશ્ન પુરો થયે લખવા) કરી પ્રશ્ન પૂર્ણ થયેથી લખવો અને જે તે પ્રશ્નના કુલ ગુણ ઉત્તરવહીના મુખપૃષ્ઠ પર મેળવણી કરીને લખવા.
- ઉત્તરવહીમાં દરેક પરીક્ષકે વાચ્ય હોય તેવી સહી કરવી અને ટુંકમાં નામ પણ લખવું.
- વિદ્યાર્થીઓએ લખેલ ઉત્તરોના મુદ્દાઓને અનુલક્ષીને પૂરતા પ્રમાણમાં ગુણ આપવામાં આવે તેનું ધ્યાન રાખવું.
- ઉત્તરવહીના બધાજ પાના જોઈ જવા કોરા પેજ પર લાલ પેનથી અવશ્ય લીટી મારવી.
- વિદ્યાર્થીએ મુખપૃષ્ઠ ઉપર દર્શાવેલ મુખ્ય ઉત્તરવહી તથા પુરવણી મુજબ મુખ્ય ઉત્તરવહી સાથે પુરવણી છે કે નહીં તે ચકાસી લેવું.
- જો કોઈ પ્રશ્નના O (zero) ગુણ મળવા પાત્ર હોય તો, જે તે પ્રશ્ન, પેટા પ્રશ્નમાં તેના મુલ્યાંકનમાં O (zero) ગુણ દર્શાવવા.

આભાર સહ

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

પ્રતિ,
(૧) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ સાયન્સ કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.
(૨) એકાઉન્ટ અધિકારી, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯.